# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com


ક્રમાંક: યોજના/ PUBG Game/૨૦૧૯/૧૦૬ તા.૦૮/૦૩/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી,RMSA,ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ
જિ.ભાવનગર

વિષય :PUBG Game/MOMO Challenge Game રમવા પર પ્રતિબંધ બાબત.

સંદર્ભ : કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-ભાવનગરના પત્રાંક: નં.ડી.એમ.-૧/ PUBG Game /જા.ના./ઇ.નં.૧૦૧૭૪/૧૯ તા. ૦૬/૦૩/૨૦૧૯

જય ભારત સાથે ઉપરોક્ત વિષય સંદર્ભમાં જણાવવાનું કે PUBG Game/MOMO Challenge Game ના કારણે બાળકો અને યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતું જોવા મળે છે. આ ગેમને કારણે બાળકો અને યુવાનોના અભ્યાસ પર અસર થાય છે તેમજ આ ગેમની અસર બાળકો અને યુવાનોના વ્યવહાર, વર્તન, વાણી અને વિકાસ પર પડે છે.

કલેક્ટર સાહેબશ્રીના હુકમ મુજબ ભાવનગર જિલ્લામાં સમાવેશ થતા તમામ વિસ્તારોમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર PUBG Game/MOMO Challenge Game ગેમ રમવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ: જાહેરનામું

Scanned by CamScanner

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી
ડી.એમ. શાખા, જિલ્લા સેવા સદન-૧, પહેલો માળ,
મોતીબાગ, ભાવનગર:૩૬૪૦૦૧
ફોન : ૦૨૭૮-૨૪૨૬૪૮૭, ફેક્સ: ૨૪૨૭૯૪૧
ઇ-મેઇલ:-collector-bav@gujarat.gov.in

સત્યમેવ જયતે

નં.ડી.એમ.-૧/PUBG Game/જા.ના./ઇ.નં.૧૦૧૭૪/૧૯ તા. ૬ /૦૩/૨૦૧૯

## -:: જાહેરનામુ ::-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ના નંબર ૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:-**

**-:હુકમ:-**

વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, **PUBG Game/MOMO Challenge** ના કારણે બાળકો અને યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતું જોવા મળે છે. આ ગેમને કારણે બાળકો અને યુવાનોના અભ્યાસ પર અસર થાય છે તેમજ આ ગેમની અસર બાળકો અને યુવાનોના વ્યવહાર, વર્તન, વાણી અને વિકાસ પર પડે છે.

વાસ્તે, હું **હર્ષદ પટેલ(આઇ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૭(૩) હેઠળ મળેલ સત્તા હેઠળ ભાવનગર જિલ્લામાં સમાવેશ થતા તમામ વિસ્તારોમાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર **PUBG Game/MOMO Challenge** ગેમ રમવા પર પ્રતિબંધ ફરમાવુ છું. સાથો સાથ જે પણ વ્યક્તિને ભાવનગર જિલ્લામાં સમાવેશ થતા કોઇ પણ વિસ્તારમાં કોઇ પણ અન્ય વ્યક્તિ એવી **PUBG Game** રમવાની ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

**અપવાદ:-** ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામુ લાગુ પડતુ નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

**આજ તા. ૬ /૦૩/૨૦૧૯ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.**

(હર્ષદ પટેલ)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

યોજના. ૧ ૪૧૩

૧૩૬૯
૬/૩
યોજના

(૧૦૬)

E:\D-M Gen.File\Notification\2019\PUBG-Game notification\PUBG Game notification.DOC

1.

Scanned by CamScanner